# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

ભાજપ-સંઘમાં વડપણનું છવાયું ધૂમ્મસ!
કોંગ્રેસના અસ્તિત્વ પર છવાયું ધૂમ્મસ!
છવાયું ધૂમ્મસ કાશ્મીરના રાજકારણ પર -
વિકાસના માર્ગે ધર્માંતરનું છવાયું ધૂમ્મસ!
(ધૂમ્મસમાં જનજીવન પર અસર)

## હાઈકુ

સાચવવાની -
આપણી ત્રેવડ છે?
શ્રી દાઉદ ને?!
(સોંપવા આજીજી)

પ્રાણ પ્રતિષ્ઠા!
મહાત્મા મંદિરમાં -
વિશ્વ-દેવોની..
(VVVઆઇપીઓની પધરામણી)

## ચિંતન

**અસન્માને તપોવૃદ્ધિઃ સંન્માનાચ્ચતપઃ ક્ષયમ્ ।  પૂજ્યા પુણ્યહાનિઃ સ્યાન્નિન્દયા સદ્ગતિર્ભવેત ॥**

વ્યક્તિનું સન્માન ન થાય (અપમાન થાય એમ નહીં પણ - ગણના થાય - કદર ન થાય તેની નોંધ લેવામાં ન આવે ત્યારે તેના તપમાં વૃદ્ધિ થાય છે જેમ કે સેવાભાવી કાર્યકરની કોઇ નોંધ લે નહીં કદર કરે નહીં તેમ તેમ તેના સેવાભાવમાં વૃદ્ધિ થાય તપસ્વીઓનું માન-સન્માન ન કરવું જોઇ એનાથી તેના તપનું ક્ષીણ થાય છે એટલે કે 'તપ'ના યશોગાન-માન-સન્માન મળી જતાં તપનું ફળ અહીં જ મળી ગયું એમ નક્કી થાય છે.

વ્યક્તિ-તપ-સાધના-આરાધનાથી સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકે છે અને આ સિદ્ધિઓને વટાવી વ્યક્તિ બાપુ બની પૂજાવા લાગે છે અને પોતે 'ભગવાન' જ છે એવું પ્રસ્થાપિત કરે છે. અને બધા ચરણ સ્પર્શ કરે છે.

આવા ચરણ સ્પર્શ અને વંદનથી તેનું 'પુણ્ય' ક્ષીણ થઇ જાય છે. પુણ્યની હાનિ થાય છે. પરંતુ કોઇ નિંદા-ટીકા કરે તો સદ્ગતિ થાય છે. કારણ કે જાતને વધારે સુધારવા વધુ તપ અને સાધના કરવી પડે છે.

## સુવિચાર

- જે પ્રજા, સુત્રો સ્વીકારે છે, પણ ક્રિયામાં ધર્મ શૂન્ય રહે છે તે દયાપાત્ર છે - ઝેન કથન
- એક સંતને વણકરે કહ્યું, 'વસ્ત્રો વિશે કંઇક કહો..' સંતે કહ્યું 'તમારા વસ્ત્રો તમારું ઘણું સૌંદર્ય છુપાવે છે અને છતાં તમારી કુરુપતાને તે ઢાંકી શકતા નથી' - અખંડ આનંદ
- કોઇ મુઝે મિટાયેગા, કયા બદદુઆ કે સાથ, થોડા બહુત મેરા ભી રિશ્તા હૈં ખુદા કે સાથ... - નુઝહત અંજુમ
- શ્રમ કરવા માટે પ્રેમ હોવો જોઇએ, પ્રેમ વિનાનો શ્રમ કેવળ અંસતોષ જન્માવે છે - ધૂમકેતુ
- જેની પાસે થોડું છે, થોડામાંથી એ થોડું આપે છે, તે દાનની પવિત્રતા સમજ્યો છે એમ કહેવાય - વિનોભા બાવે
- પૃથ્વીમાં ગમે ત્યાં ખોદો... બધે જ ઝવેરાત ભર્યું છે.. શરત માત્ર એટલી કે ખોદતી વખતે તમારામાં શ્રદ્ધા ખેડૂતની હોવી જોઇએ - શ્રદ્ધાસૂત્ર
- જેવી રીતે ઇશ્વર એક છે, છતાં તમારા દરેકની સમજણ નો એક ઇશ્વર છે, અને તેથી તે અનેક પણ છે - શાહબુદ્દીન રાઠોડ

- (સંકલન : દીપક વી. આસરા)

## બોધ કથા

આજકાલના રાજાઓ-પ્રધાનોને પોતાની પ્રશંસા સાંભળવામાં જ આનંદ આવે છે અને એમાં જ પોતાની કાર્યસિદ્ધિ દેખાય છે, પ્રશંસા કરતું ખાતું, પોલીસ-વર્તમાનપત્ર, અધિકારીઓ એને ગમે છે, એને ઓવરટેક કરી-કરાવી બઢતી પણ આપી દે.

નસુરુદ્દીન દરબારમાં નવી પાઘડી પહેરીને આવ્યો, (બૈરીએ ઘરમાં રાશન નથી નો કકળાટ કરી ધક્કા મારી કાઢી મૂક્યો હતો.)

રાજાને નવાઇ લાગી, મુલ્લા, કેમ આજે નવી પાઘડી? કેટલાની ખરીદી?

મુલ્લા કહે - પાંચસો ગીની!

બધાને આશ્ચર્ય થયું - આ પાઘડીના તે કંઇ પાંચસો ગીની હોતી હશે?

મુલ્લા કહે - મને પણ નવાઇ તો લાગી હતી પણ વેંચનારે પાઘડીના વિવિધ ઉપયોગ જણાવી મને તેની ઉપયોગીતા જણાવી. વળી તમે તો કદરદાન, પારખુ અને વિવિધ વસ્તુની પસંદગી કરનારા છો, તમારી તુલનામાં વિશ્વનો કોઇ પણ પણ રાજા ન આવે, તમે એવા શક્તિમાન છો.

રાજા મૂછમાં - મરક મરક હસ્યો. પ્રશંસામાં ભીંજાઇ તબળ થઇ ગયો. ખજાનચી સામે જોઇ 'હજાર ગીની' માં પાઘડી ખરીદી લીધી.

રસ્તામાં મુલ્લાને વજીર મળ્યો, પુછ્યું 'મુલ્લાં - અલ્લાહ' ને માથે રાખી પાઘડીની સાચી કિંમત કહો!

મુલ્લા કહે - સાચી કિંમત તમે માનો છો તે જ છે પણ રાજાઓની 'નબળાઇ'ની કિંમત નથી જાણતા.

Email - sureshchandrabhatt18@gmail.com

# હું અને આતાજી ફરતા હતા ત્યારે મને તેમણે કહેલું કે હેમા ઝરખનો દેખાવ વિચિત્ર હોય છે, કુતરા કરતાં કદમાં મોટું અને શરીર પર કાળા પટ્ટા હોય છે, તેની ચાલવાની રીત પણ અલગ હોય છે, મોટા ભાગે એકલું એકલું ફરતું હોય છે

## હરિયાળું હરણોદ્યાન

- નટવર હેડાઉ

'હેમાજી તમે કયા હતા?'

'લાઈબ્રેરીની પાછળના ભાગમાં જંગલ છે ત્યાંથી ફરતાં ફરતાં હમણાં જ અહીં આવ્યો.'

'હરણોદ્યાનમાં લાઈબ્રેરી?'

'હાં, સાહેબ પહેલા અહીં લાઈબ્રેરી હતી તેનું મકાન છે એની વાત હેમાજી કરે છે' વાસુદેવ રાંદેરીયાએ કહ્યું.

'તો પછી હવે એ ત્યાં નથી?'

'ના, ઘણા વર્ષો પહેલાં એક વખત ખુબ જોરદાર પુર આવેલું ત્યારે સાબરમતી નદીનાં પાણી આ વિસ્તારમાં ફરી વળેલાં તે વખતે લાઈબ્રેરીના મકાનમાં પાણી ઘુસી જતાં ઘણાં કિંમતી પુસ્તકો પલડીને અને કાદવમાં ખરડાઈને ખરાબ થઈ ગયેલા.' વાસુદેવે કહ્યું.

'એ પુસ્તકો તો બધા પ્રકૃતિ અને પર્યાવરણ અંગેના જ હશે ખરું ને?'

'હાં લગભગ એવા જ હતા. અમદાવાદમાં પ્રકૃતિ મંડળ નામે એક સ્વૈચ્છિક સંસ્થા હતી તેણે ઘણાં પુસ્તકો ભેટમાં આપેલાં હું તો ત્યારે નવોસવો હતો. પણ મને યાદ છે એ પુસ્તકો માટે લાલસિંહ રાઓલ, રૂબીન ડેવીડ વિગેરે ઘણી વખત લાઈબ્રેરીએ આવતા.'

'કેટલાક પુસ્તકો હશે?'

'ચાર પાંચ હજાર તો ખરાં,' મોટા ભાગનાં અંગ્રેજીમાં હતા. હા, એક 'પ્રકૃતિ' નામનું સામાયિક આવતું તેના અંકો ગુજરાતીમાં હતા. તેમાં પ્રાણીઓ અને પત્રીઓ વિષેના બહુ સરસ લેખો આવતા, લાઈબ્રેરી હું સંભાળું એટલે જોવા અને વાંચવા મળે.'

'તો પછી અત્યારે એ બધું કયાં છે?'

'જે ભીંજાઈ ગયેલું અને કહોવાઈ ગયેલું એવું ઘણું સાહિત્ય તો ફેંકી દેવું પડેલું. કેટલાક પુસ્તકો અને ખાસ કરીને 'પ્રકૃતિ'ના જૂના અંકો જાળવવાની કોશિષ કરી છે. કેટલાંક એવા પુસ્તકો છે જે હવે બીજે કયાંક પ્રાપ્ય નથી.' વાસુદેવે કહ્યું.

'ખરેખર એ તો આપણી અણમોલ પ્રાકૃતિક જ્ઞાનની વિરાસત સમાન છે. મને એ જોવા મળશે?'

'કેમ નહીં સમય કાઢીને આવી જજો, હમણાં, પ્રકૃતિના અંકો ને તો ભેગા કરીને બાઈન્ડીંગમાં આપ્યા છે. તમે સારું યાદ કરાવ્યું મારે એ લેવા જવાનું છે. હું જાઉં ત્યારે?'

'હા, આવી જાય ત્યારે મને કહેજો.'

'ભલે, કહીને વાસુદેવ રાંદેરીયા એ તેના ચશ્માના કાચ સાફ કર્યા અને સાઈકલ ચલાવવા વધ્યા ત્યારે હાથમાં મોરી ડાંગ લઈને ઊભેલા હેમાજી કયારના અમારી વાતો સાંભળી રહ્યા હતા.'

'હેમાજી તમે કંઈ લાઈબ્રેરી પાછળની વાત કરતા હતા ને?'

'હા, આજે સવારે હું નીલગીરી પ્લોટમાં ફરતો હતો ત્યારે વચ્ચે નદીનું કોતર છે તેમાં સગડ જોયા એટલે...' 'કોના?'

'પહેલાં તો મને એમ લાગેલું કે દીપડાના છે પણ તેના જોતા જોતા આવતો હતો ત્યાં આતાજી મળી ગયા. તેમને કહ્યું કે આ દીપડાના પગલાં નથી. ઝરખના હોવા જોઈએ.'

'આપણા આ જંગલમાં ઝરક છે ખરું?'

'ના સાહેબ આમ તો ઝરખ છે નહીં પણ એવું સાંભળ્યું છે કે સાબરકાંઠા બાજુથી જંગલના કોતરમાં ફરતાં ફરતાં કયારેક આવી જતું હોય છે. બે ત્રણ વર્ષ પહેલાં અમે જોયેલું અવારનવાર આવતું હોઈ તેની હગાર અને તેણે શિકાર કરેલ પ્રાણીઓના અવશેષો જોવા મળતાં.'

'પણ મેં તો સાંભળ્યું છે કે ઝરખ મોટા ભાગે મરેલાં ઢોર ખાવાનું વધારે પસંદ કરે છે.'

'હા સાહેબ તમારી વાત સાચી છે. પહેલાં અમારે ઈન્દ્રોડામાં ઢોર મરી જતાં એને જયાં નાખતાં ત્યાં કુદકણા બહુ આવતા.' હેમાજીએ કહ્યું.

'કુદકણું?'

'અમારા લોકો એને કુદકણા નામથી કે ઝરખું કહીને ઓળખે છે, આમ તો કુતરા જેવું જ લાગે પણ તેની આગળના પગ લાંબા અને પાછળના ટૂંકા હોવાથી તેનો દેખાવ અલગ પ્રકારનો લાગતો હોય છે. અને તેમાં કારણે એ ચાલે ત્યારે સામાન્ય કુદતું કુદચું ચાલતું હોય તેવું લાગે છે તેથી ગામડાના લોક તેને કુદરણું કહેતા હોય છે. હાં પણ આપણે ત્યાં ડાંગનો એક આદિવાસી ચોકીદાર સોમજી હતો એ તેને કુતર ખડિતું કહેતો.'

'એ વળી નવું નામ ખરું ને?'

'હાં સાહેબ મેં તેને પુછેલું તો કહે કે કુતર એટલે કુતરું અમે ખડિયો એટલે વાઘ મતલબ કે કૂતરો તેનો વાઘ.' 'એનાં પગલાં જોતાં શું લાગ્યું એ ઝરખ જ હતું. એ અહીં એકલું ફરતું હશે કે બીજા પણ હશે?'

'સાહેબ અમે જોયું એ તો એક ઝરખ હોય એમ લાગે છે. આતાજીએ તેની લાંબી ટૂંકી ચાલના નિશાન ઉપરથી મને કહ્યું કે એ ઝરખ હોવું જોઈએ. અમે આખો દિવસ જંગલમાં ફર્યા પણ કયાંક જોવા મળ્યું નથી. હાં, શાહુડીની એક બખોલ તે ખોદીને પહોળી કરેલી જોતાં એમ લાગે છે કે જો હશે તો એમાં જ રહેતું હશે.'

'તમે પહેલાં કયારેય ઝરખ જોયેલું કેવું હતું?'

'ના, મેં તો નહોતું જોયું પણ મારે જોવું છે તેથી જ ફર ફર કર્યા કરું છું.' હેમાજી એ કહ્યું.

'પણ કદાચ તમને જોવા મળી જાય તો એ ઝરખ જ છે. બીજું પ્રાણી નથી એ તમે કઇ રીતે કહી શકો.' મેં પુછ્યું.

હું અને આતાજી ફરતા હતા ત્યારે મને તેમણે કહેલું કે હેમા ઝરખનો દેખાવ વિચિત્ર હોય છે. કુતરા કરતાં કદમાં મોટું અને શરીર પર કાળા પટ્ટા હોય છે. તેની ચાલવાની રીત પણ અલગ હોય છે. મોટા ભાગે એકલું એકલું ફરતું હોય છે.' સાહેબ તમે જોયેલું કે...' હેમાજી એ મને પુછેલું.

'હા, મેં આંતરસુબાના જંગલમાં એકવાર સાંજના સમયે જોયેલું.' મેં કહ્યું.

'એ કેવું હતું, મને કહેજો જેથી કયારેક જોવા મળે તો ખબર પડે'

'તમને એનાં પગલાં જોયા ત્યારથી ઝરખને જોવાની તાલાવેલી લાગી છે. એમ મને પણ થયેલું તેથી તેના વિશે થોડું વાંચન પણ કરેલું. તેમાં એવું જાણવા મળ્યું કે ઝરખ ગુજરાતના બધા વિસ્તારોમાં જોવા મળે છે. ઝરખની ચામડીની રૂંવાટીનો રંગ રાખોડી કે આછા બદામી રંગ જેવો હોય છે. મોઢાનો ભાગ આંખો સુધી કાળા રંગનો હોય છે. ગળા, ખભા તથા શરીર પરના વાળ લાંબા હોય છે. શરીરનો કમર પછીનો ભાગ ઢળેલો હોય છે. નીચેની તરફ ગળા અને છાતીનો ભાગ કાળા રંગનો હોય છે. તેના લાંબા મોટા અણીદાર કાન હંમેશા ઉભા રાખે છે. શરીર પરના કાળા રંગના પટ્ટાને કારણે આપણે ત્યાંનાં આ ઝરખને પટ્ટાવાળા 'સ્ટ્રીપ્ડ હાઈના' તરીકે ઓળખાય છે.

'તો શું બીજા દેશોમાં ઝરખ જુદાં હોતાં હશે?' હેમાજીએ પુછ્યું.

'હાં ભારત બહાર તેની અન્ય જાતી ટપકાંવાળા ઝરખની પણ છે.'

'સાહેબ મરેલા ઢોરને ખાવાપીવા ગીધડાં પહેલાં જેમ ટોળેટોળા ઊભરી પડતા એમ મારા બાપા કહેતા કે ઝરખ પણ ઘણાં હતા. પણ કોણ જાણે કયાં ગયા હવે બહુ દેખાતા નથી.'

'હેમાજી તમારી વાત સાચી છે. ગીધની જેમ આ ઝરખ પણ કુદરતના સફાઈ કામદાર છે. તે પોષણ કડીનું એક ખુબ મહત્ત્વનું અંગ છે. પણ માણસ જાત પોતાના સ્થાને માટે ગમે તેનો નાશ કરી શકે છે.'

'પર ઝરખને કોઈ શું કામ મારે? હેમાજીએ પ્રશ્ન કર્યો.'

'ઝરખની ચરબીના કહેવાતા ઔષધીય ગુણોની માન્યતાને લીધે તેનો શિકાર થાય છે. વળી વાહન વ્યવહારને કારણે અકસ્માતથી થતાં મૃત્યુના કારણે પણ તેની સંખ્યા ઘરતી રહી છે.'

'સાહેબ મેં તો સાંભળ્યું છે કે ઝરખ હસી શકે છે?'

'એ તમને જોઈને નહીં હશે' મેં મજાકમાં કહ્યું.

'કેમ' એ મોઢું વકાસીને મારી સામે જોઈ રહ્યાં.

'હેમાજી વાત જાણે એમ છેકે નર-માદા ઝરખ સંવનનની તૈયારીનો સંદેશ આપતાં હોય ત્યારે હસવા જેવો અવાજ કાઢતાં હોય છે.'

'જંગલમાં તો વાઘ દીપડા જેવાં પ્રાણી પણ આને તો મારી જ નાંખે ને?'

'ના, હેમાજી વાઘ, દીપડા જેવાં શિકારી પ્રાણીઓની ઝરખ હંમેશા દૂર રહે છે અને કયારેક સમય આવે તો હિંમતપૂર્વક તેનો સામનો પણ કરતું હોય છે. વળી કયારેક મરી ગયાનો ઢોંગ કરીને પણ પોતાનો બચાવ કરી લે છે.'

'સાહેબ મને આતાજીએ ઝરખની હગાર બતાવેલી એ સફેદ રંગની હતી. એ કહેતા હતા કે રાતે ઝરખ ખોરાક અને પાણીની શોધમાં કોતરોમાં ફરતું હશે. એ પોતાની હદ નક્કી કરવા ગુદા પાસેની ગ્રંથીમાંથી દ્રવ્ય છોડી નિશાની કરે વળી રોઝડાંની જેમ જ એક જ જગ્યાએ લીંડીઓ કરવાની એને ટેવ હોય છે.'

'અત્યારે એનાં પગલાં દેખાય છે.'

'હાં, ચાલો બતાવું.'

'અમે બંને ચાલતા ચાલતા લાઈબ્રેરીનું મકાન હતું. ત્યાં આવ્યા. લાંબા મકાનને આગળ જાળીવાળી બે બારીઓ છે. એક તરફ બારણું છે જેને તાળું મારેલું છે મકાન ધાંબાવાળુ છે. તે ધાબુ પર છાપરાં જેવું ઢળતું બનાવેલું છે. જેથી તેના પર ગમે તેટલો વરસાદ પડે તો પણ ભારી ભરાય નહીં. બનાવનારની આ દૂરંદેશી કહેવાય પણ જયારે પુરનાં પાણી અંદર ઘુસી જાય તો પછી શું.'

અમે મકાનની પાછળની ટેકરી ચડી કેડીએ કેડીએ નીચે ઉતરી કોતરમાં પાણીનો પ્રવાહ કયારેક આવેલો હશે તેથી ધોવાણ થયેલું એ રેતીમાં ઝરણનાં પગલાં જોતાં હશે એટલામાં એક માણસ સામે મળ્યો.

'સાહેબ એહો શું કઈ શોધો છો.'

'હાં હેમાજી કહે છે કે ઝરખ આવ્યું છે તેના પગલાં' જોતાં હતા.

'તમે આજનું છાપું વાચ્યું. ચિલોડા પુલ પાસે રોડ પર કોઈ ગાડીની ટક્કરથી ઝરખ મરી ગયાના સમાચાર છે.'

'શું વાત કરો છો ખરેખર.'

'ગળાના સમ.'

'લો હેમાજી હવે ઝરખ તો જોવા મળી રહ્યું.એ તો બિચારું ગયું. હા એના પગલાં આવો જરા જોઈ લઈએ એટલે ખાત્રી થાય.'

'અમે પગલાં શોધતાં શોધતાં આગળ વધ્યાં. પગલાં જોયાં તો ખરેખર ઝરખના જ હતા. પણ હવે સરખ જોવા નહીં મળે એ અફસોસ સાથે અમે પાછા વળ્યા.'

(ક્રમશઃ)

# દિવસ બપોરે પહોંચ્યા પછી થંભી ગયો છે...

## વિચારયાત્રા

- ડો. જય ઓઝા

કોઇકવાર એકાન્તની ભારે ઉત્કંઠા જાગી ઉઠે છે એવું એકાન્ત જેમાં આપણું પોતાનું 'હોવાપણું' પણ ખલેલ ન પહોંચાડે... આપણી અંતર્મુખ થવાની વૃત્તિ એકાન્ત ઝંખે છે.

જયારે કશુક ચિત્તમાં આકાર ધારણ કરવા માંડે છે ત્યારે આપણે તેમાં જ ઓતપ્રોત થઇ ઉઠીએ છીએ.

રિલ્કે એ કહ્યું છે કે 'એકાન્ત હોય એ તો સારું, કારણ કે એકાન્ત જીરવવું અઘરું હોય છે.' પીડા અને દુઃખનું ઘોડાપુર આવી જાય ત્યારે ઉપરોક્ત સ્થિતિમાં સરી પડાય છે.

પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણ વિશે કોઇ દિવસ શાંતિથી વિચાર કરજો, આપણને જણાશે કે કૃષ્ણ જેવી એકલતા કદાચ કોઇની નહોતી જે અવસાદ જે દુઃખ કૃષ્ણએ હસી હસીને અનુભવ્યું છે, કદાચ તે શક્તિને કારણે પણ તેઓ પૂર્ણપુરૂષોત્તમ કહેવાય!

રાધા અને ગોકુળ છોડીને નંદ અને યશોદાને ત્યજીને કર્તવ્ય પંથ પર મથુરા ચાલ્યા જવું; બધા માટે ભલે કૃષ્ણ 'લીલાધર' હોય પરંતુ સ્વયં માટે તો કૃષ્ણ 'પીડાધર' જ હતા...

જન્મ સાથે સગી જનેતાથી વિખૂટા પડીને અજાણ્યા પ્રદેશમાં પહોંચી જવું, ત્યાર પછી એ જ માતા પિતા અને સ્નેહાળ લોકોને છોડીને કપટી અને દુરાચારી લોકો વચ્ચે જઇને વસવું, એ કાંઇ જેવી તેવી વાત છે!

રાધા અને નંદ-યશોદાનો નિર્ભેળ-પ્રેમ તેમને આખી જીંદગી બીજા કોઇ પાસેથી ન મળ્યો, કૃષ્ણ જેવી એકલતાની મૂર્તિ સમુ બીજું કોઇ ન હતું...

પ્રભાસપાટણ પાસે જ અવસાદ આ જ વિલાદથી ઘેરાયેલા કૃષ્ણ એકલતા અને એકાન્તની પાતળી ભેદરેખા હવે તેઓ કદાચ શાંતિથી જોવા માંગતા હતા... સરસ્વતીના નિર્મળ જળની સરવાણી વચ્ચે શ્રીકૃષ્ણ પગ ચડાવીને એકાન્ત ઝંખતા હતા, ત્યારે જ તેમના એકાન્તને ચીરતુ પારધીનું બાણ તેમને ખૂપી ગયું; કદાચ આ જ કારણે ત્યાર પછી સરસ્વતી નદી પણ પૃથ્વીના પેટાળમાં વહેવા લાગી છે.

એકાન્ત ખરેખર તો સ્વયં સાથે સંવાદ કરવાનું સાધન છે,

જીવન મેં દોનો આતે હૈ,
મિટ્ટી કે પલ સોને કે ક્ષણ,
જીવન સે દોનો જાતે હૈ,
પાને કે પલ, ખોને કે ક્ષણ,
હમ જિસ ક્ષણ મેં જો કરતે હૈ,
હમ બાધ્ય વહીં હૈ કરને કો
હંસને કા ક્ષણ પાકર હંસતે હૈ
રોતે હૈ યા રોને કે ક્ષણ.

વાસ્તવમાં મનુષ્ય જયારે સ્વસ્થ અને સંતુષ્ટ હોય ત્યારે અને કોઇ પીડા ન હોય ત્યારે માણસને દર્શન સુઝે છે...

જીવનમાં એક કાળ એવો આવે છે, જયારે પડછાયો પણ આપણાથી વેગળો ચાલે છે, મિત્ર અને મિત્રતા બંને જયારે ઝૂંટવાઇ જાય ત્યારે... ત્યારે પરાણે એકલતા સાથે ભાઇબંધી કરવી પડે છે...

પાર્ટીઓ અને દરબારો ડાયરાઓ વચ્ચે રહેવા છતાં આપણે એકલા છીએ...

શુદ્ધ અને સાત્વિક એકાન્તને આજના વાતાવરણમાં શક્ય છે ખરું?

કેટલીકવાર તો આવા એકાન્તમાંથી આપણને ઘણાં પ્રશ્નોના ઉત્તર આપોઆપ મળી જાય છે.

દિવસ જાણે બપોર સુધી પહોંચ્યા પછી એકાએક થંભી ગયો હોય તેવો ઠહરાવ જિંદગીમાં આવી જાય છે, શબ્દો તો ઘણા છે પણ કોઇ યોગ્ય લાગતા નથી.

શબ્દોને પથ્થર બનાવીને જગત પર ફેંકે રાખવા તેના કરતાં તો મનમાં ભંડારી દેવા વધુ યોગ્ય છે.

હૃદયમાં જે અવિરત ચાલ્યા જ કરે છે તેની અસહ્યતાનો ભાર જ ઝીલી શકવાને કારણે પણ જો તેને અભિવ્યક્ત કરવા જાય તો સાવ પાસેના વ્યક્તિ પણ એમાં વિશ્વાસ મૂકતા નથી... આથી ધીમે ધીમે વાણીમાંથી પીછેહઠ કરીને મૌનની શિલા નીચે જીવતે જીવત ધરબાઇ જવા સિવાય બીજું કશું કરવાનું રહેતું નથી.

આ વિષય સામાજિક પરિસ્થિતિઓમાં, અભદ્રતાની હદ વટાવી જતા રાજકારણીઓની બિભત્સ વાતોથી, કૌભાંડોથી દાંત કચકચાવીને નિરાશાની વાતો કરવાનું ઝનૂન ચડે છે...

એકાન્ત સજીવન કરે છે જયારે એકલતા મારી નાખે છે. મનમાં વિચારોની ધમાચકડી ચાલે છે... હું હજી તાજી ફુટેલ કૂંપળનું આશ્વાસન લેવા મથું છું. 'સબ સલામત' ના નારા લગાવવા ઇચ્છુ છું.

જાણું છું કે આ બધી હત્યા, આ હિંસા ભ્રષ્ટાચાર, અત્યાચાર - બધું જ આપણને કોઠે પડી ગયું છે... આપણી સહનશીલતા અને ક્ષમાશીલતાની તો હદ નથી... ગમે તેવા રાજનેતાને સહી લેવાની શરમજનક સહનશીલતા સાથે આપણે મૂંગા બેઠા છીએ... આ ક્ષમાશીલતા વધુ ને વધુ ગહન એકલતામાં સરકી જવામાં સહાયરૂપ થઇ પડે છે.

એકલતામાં વિચારો અસ્પષ્ટતાથી અને મિશ્રિથ આવે છે. જયારે આપણને કોઇ મૂંગા બનાવી દે છે ત્યારે જે મૌન છે તે ખરેખર પશુની અબોલતા કહેવાય... ભાવશૂન્ય, લાગણીશૂન્ય, ચિત્તશૂન્ય અવસ્થામાં પહોંચાડવા માટે આજના યુગમાં પર્યાપ્ત સાધનો મળી રહે છે.

સમય એવો છે કે, પોતાના સગા અને સ્નેહીજનો માટે આપણી પાસે સમય નથી તો પોતાની જાત માટે સમય કયાંથી કાઢીએ! દરેક વ્યક્તિ ભર ટોળામાં પોતાનું એકાન્ત લઇને ચાલતો હોય છે, એકલતા સાથે બાખડતો હોય છે... એકલા હોવું, એકલા પડી જવું, એકલા પાડી દેવામાં આવવું, આ બધામાં ફરક છે.

# શકરીબાને તપાસ્યા પછી ડોકટર સાહેબે જાહેર કર્યું કે હરખમાં ને હરખમાં શકરીબાનું હૃદય બેસી જવાથી અવસાન થયું છે, જમાઇરાજ કંકુડીને તેડવા આવે તે પહેલા પોતાને એકલાં રહેવું પડે નહિં તેથી શકરીબાએ પોતાનો રસ્તો ગોતી કાઢ્યો

## શકરીબા

- નિરંજન ઓઝા

ભાવનગર શહેરના જૈન દેરાસર પાસે આવેલ પીછલ્લા શેરીના નાકે શ્યામસુંદર એપાર્ટમેન્ટના પહેલા માઠે શકરીબા તેની પૌત્રી કંકુડી ઉર્ફે કવિતા સાથે છેલ્લા ત્રણ વર્ષથી નિવાસ કરે છે. સવારે નાહી-ધોઇ ઘરે પૂજા-પાઠ કર્યા પછી મહાલક્ષ્મી મંદિરે દર્શન કરવા જવું, જયાં ભજન-કિર્તન કર્યા પછી બાર વાગ્યા સુધીમાં ઘરે પરત ફરવું અને કંકુડીએ કરી રાખેલ રસોઇ ગરમ કરી, જમ્યા પછી આરામ કરવો આ સવારનો નિત્યક્રમ શકરીબાનો છે. મહાલક્ષ્મી મંદિરે સાંજની આરતી કર્યા પછી પાછા ફરવું, રાતના ભેગા થઇ ભજન-કિર્તન કે કથા કર્યા પછી છૂટા પડવાનો સાંજનો નિત્યક્રમ છે.

એક દિવસ સાંજના શકરીબાને ગામડેથી ફોન આવે છે તેથી બાજુવાળા બોલાવવા આવે છે. શકરીબાને નવાઇ લાગે છે કે મને કોણ યાદ કરતું હશે, આમ વિચાર કરતાં-કરતા, ફોન લેવા જાય છે, ફોન ઉપર વાતચીત થયા પછી ખુરશીમાં ફસડાઇ પડે છે તેથી તેની સામે બેઠેલાં બહેન 'શું થયું' તેમ પુછતાં, અદ્ધર શ્વાસે કહે છે કે મારા જમાઇરાજ કાલે સવારે કંકુડીને લેવા સવારે આવે છે.

આખા એપાર્ટમેન્ટમાં વાત ફેલાય છે કે કંકુડીને લેવા જમાઇરાજ સવારે આવનાર છે. કંકુડીને આજથી ત્રણ વર્ષ પહેલાં જમાઇરાજ મુકી ગયા હતા જે પાછા લેવા આવ્યા ન હતા, ત્યારથી કંકુડી અને શકરીબા સાથે રહે છે. શ્વાસ હેઠો બેઠા પછી શકરીબા બબડે છે કે કંકુડી શાક લેવા ગઇ છે અને તે જમાઇરાજને ભાવે તેવું શાક લાવશે નહિ તો જમાઇરાજને ખોટું લાગશે તેથી મને જ શાકમાર્કેટ જવા દે અને જમાઇરાજને ભાવે તેવું શાક લઇ આવું. આજ શકરીબાના પગમાં જોર આવી ગયું છે તેથી ચાલવાને બદલે દોડતાં હોય તેમ જાય છે, જયાં કંકુડી શાક લઇને તેની બહેનપણી સાથે વાતો કરતી હોય છે, કાલે પાછા મળશું તેમ કહી બહેનપણીથી કંકુડી છૂટી પડે છે પરંતુ તે દરમિયાન શકરીબા ત્યાં પહોંચી જાય છે અને કહે છે કે આજે કંકુડીને મળવું હોય તો મળી લે જે કાલે કંકુડી નહીં હોય કારણ કે જમાઇરાજ તેને તેડવા કાલે સવારે આવવાના છે. આ સાંભળી કંકુડી ખુશીની સાથે શરમાય છે.

કંકુડી-શકરીબા વિચારે છે કે જમાઇરાજ ત્રણ વર્ષ પછી આવે છે તેથી ગળપણમાં શીરો બનાવવો પડશે, ઘરમાં ગોળ છે પછી ઘી નથી તેથી રસ્તામાં આવતા કરિયાણાની દુકાનેથી ઘી લઇ, તેને પણ જમાઇરાજ તેડવા આવવાના સમાચાર આપે છે.

સાંજના એપાર્ટમેન્ટમાં રહેતી બધી જ બહેનોને કંકુડીને તેડવા જમાઇરાજ આવવાના છે તે સમાચાર મળતાં, ભેગા થાય છે, ત્યારે શકરીબા તેના ભુતકાળમાં સરકતા જણાવે છે કે ભલુ થજો મારાં દીકરાં રઘુ તથા વહુનું કે કેદારનાથની કુદરતી આફતમાં તણાઇ ગયા પછી તેના સ્મરણમાં મળેલ રકમમાંથી આ એપાર્ટમેન્ટમાં રહેવા છાપરું આપ્યું છે મારી કંકુડીને જોવું છું ને તેનો ભાપ મને યાદ આવે છે, મારો દીકરો-વહુ તો ગયા, હવે તેની દીકરી અને મારી પૌત્રી કંકુડી પણ મને એકલી મુકીને જતી રહેશે. સારું છે કે મારા પાડોશી સારાં છે અને મારું ધ્યાન રાખે છે, નહિતર મારું શું થાત? શકરીબાના આ વચન સાંભળી, કંકુડી દુઃખી થાય છે પરંતુ નવું ઘર વસાવવાનું અને આટલા બધા સમય પછી જવાનું છે તેથી મનોમન ખુશ થાય છે.

રાતનાં સુતા પહેલા શકરીબા, કંકુડીને પાસે બેસાડી સલાહ આપે છે કે લાંબા સમય પછી ઘરે સાસુ નથી જે દરરોજ જમાઇરાજને કાન ભંભેરણી કરતી જેને લીધે તારે પાછા આવવાનું થયું, તેથી હવે બધાંને સારી રીતે સાચવજે, ખોટો ઝઘડો કરતી નહિ અને જેટલું સહન થાય તેટલું સહન કરી લેવું. દુધમાં સાકર ભળે તેમ બધાની સાથે ભળી જજે. આથી વિશેષ કહેતી નથી, કાલે સવારે જમાઇરાજ આવવાના છે તેથી આજે રાતના વહેલા સૂઇ જઇએ. એમ કહી કંકુડી - શકરીબા સૂઇ જાય છે. સવારે વહેલાં ઉઠતા, શકરીબા, વહેલા ઉઠ્યા નહિ તેથી કંકુડીએ શકરીબાને ઉઠાડવા બૂમ મારી, પરંતુ ઉઠ્યા નહીં, તેથી નજીક ગઇ અને જોયું તો શકરીબાનું મોઢું ખુલ્લું હતું. કકુંડીથી ચીસ પડાઇ ગઇ. આજુબાજુના પાડોશીએ ચીસ સાંભળી દોડી આવ્યા. જોયું તો કંકુડી શકરીબા પાસે ઊભી હતી રોતી હતી. ડોકટરને બોલાવવામાં આવ્યા. શકરીબાને તપાસ્યા પછી ડોકટર સાહેબે જાહેર કર્યું કે હરખમાં ને હરખમાં શકરીબાનું હૃદય બેસી જવાથી અવસાન થયું છે. જમાઇરાજ કંકુડીને તેડવા આવે તે પહેલા પોતાને એકલાં રહેવું પડે નહિં તેથી શકરીબાએ પોતાનો રસ્તો ગોતી કાઢ્યો.